# સાબરકાંઠા-અરવલ્લીમાં મહાશિવરાત્રિ પર્વની ઉજવણી

## શિવ મંદિરના સાનિધ્યમાં લોકમેળા યોજાયા : ભાંગની પ્રસાદી માટે કતારો લાગી, ગાયત્રી શક્તિપીઠ બાયડમાં યજ્ઞ સાથે વિશેષ પુજા





બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મંગળવારે હરહર મહાદેવના નાદ સાથે તમામ શિવાલયોમાં ભક્તિમય માહોલમાં મહાશિવરાત્રિ પર્વની ઉજવણી થઈ. કોરોનાનો ભય સંપૂર્ણ ભૂલાયો હતો. દેવોના દેવ મહાદેવના પ્રાગટ્ય દિવસ એવા મહાશિવરાત્રિ મહોત્સવને વધાવવા માટે અગાઉથી જ શિવાલયો સજ્જ થયા પછી પર્વના દિવસે વહેલી પરોઢથી જ દર્શન માટે શિવભક્તોની કતારો લાગી હતી. શિવાલયોમાં ભગવાન ભોળાનાથના પૂજન-અર્ચન માટે ભોળાના ભક્તોએ જળાભિષેક અને બિલ્વપત્રથી શિવપંચાક્ષર મંત્ર સાથે સર્વના કલ્યાણની કામના અર્થે પૂજા અર્ચના કરી હતી. જ્યારે શિવમંદિરોમાં શિવભક્તો માટે આજના પ્રસંગે ખાસ પ્રસાદના સ્વરૂપમાં લેવાતી ભાંગનો પ્રસાદ ગ્રહણ કરવા માટે પ્રસિદ્ધ મંદિરોમાં કતારો લાગી હતી. જિલ્લામાં મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે અનેક વિસ્તારોમાં શિવસાનિધ્યે પરંપરાગત લોકમેળા યોજાયા હતા. પરોઢથી બંન્ને જિલ્લામાં જાણે કે ભગવાન ભોળાનાથની ભક્તિનું ઘોડાપૂર ઉમટ્યું હોય તેવા દ્રશ્યો ઠેકઠેકાણે જોવા મળ્યા હતા. જ્યારે કેટલાક વિસ્તારોમાં તો શિવજીની વાજતે ગાજતે ભવ્ય શોભાયાત્રા નિકાળવામાં આવી હોવાના અહેવાલ છે. ગાયત્રી શક્તિપીઠ બાયડમાં મહાશિવરાત્રી નિમિત્તે યજ્ઞ સાથે પુજાનું વિશેષ આયોજન થયું હતું જેમાં મોટી સંખ્યામાં ગાયત્રી પરીવારજનો ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લામાં મહાશિવરાત્રિ પર્વનો અગાઉથી જ ઉત્સાહ શિવભક્તોમાં જોવા મળ્યો હતો. મહાપર્વની ઉજવણી નિમિત્તે શિવાલયોને રંગરોગાન કરવાની સાથે ભવ્ય રોશનીથી શણગારવામાં આવ્યાં પછી તા.૧ના રોજ મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે શિવાલયોમાં લઘુરૂદ્ર, ઓમ નમઃ શિવાયના અખંડ જાપ, અન્નકુટ સહિત શોભાયાત્રાનાં આયોજન થતાં શિવલહેરનું મોજુ ફરી વળ્યું હતું. જિલ્લામાં ભગવાન ભોળાના ભક્તોએ મહાશિવરાત્રિ પર્વના દિવસે શિવકૃપા મેળવવા માટે પંચોક્ચાર, બિલ્વપત્ર અને દૂધના અભિષેકથી કૃપા મેળવવાનો પ્રયાસ કરતાં વહેલી પરોઢથી જ શિવ મંદિરોમાં પૂજન અર્ચન માટે શ્રદ્ધાળુઓની કતારો લાગી હતી. જિલ્લામાં મહાશિવરાત્રિ પર્વ પ્રસંગે બાયડના વૈજનાથ મહાદેવ, ઋણમુક્તેશ્વર, પૌરાણિક સોમનાથ મહાદેવ, વાંટડાના ધારેશ્વર મહાદેવ, માલપુરના રક્ષેશ્વર મહાદેવ તથા બેરણાના શિવ મંદિર, ભિલોડાના ભવનાથ મંદિર, વિજયનગરના વિરેશ્વર મહાદેવ, ઝાંઝરીના ગંગેશ્વર મહાદેવ, ઉજળેશ્વરના ઉજળેશ્વર મહાદેવ, રાજેન્દ્રનગરના સોમનાથ મહાદેવ, ચમારપુરના બનૈયા મહાદેવ, સાયરા નજીકના ગેબીનાથ, મોડાસાના કાશી વિશ્વનાથ મહાદેવ સહિતના પ્રસિદ્ધ શિવમંદિરોમાં શિવરાત્રિ નિમિત્તો ખાસ શિવપુજાના આયોજનો આયોજીત થતાં મોટી સંખ્યામાં શિવભક્તોએ ઉપસ્થિત રહી લાભ લીધો હતો. કેટલાક વિસ્તારોમાં તો ભાંગ પ્રસાદી માટે રીતસરની પડાપડી જોવા મળી હતી. જ્યારે શિવભક્તો માટે ફળાહારના પણ આયોજન ગોઠવાયાં હતાં. જિલ્લાના કેટલાક વિસ્તારોમાં તો શિવરાત્રિ નિમિત્તે ભગવાન ભોળાનાથનો વરઘોડો નિકાળવામાં આવતાં શિવદર્શનાર્થે જનમદેની ઉમટી પડી હતી.

# પોલેન્ડની સાથે રોમાનિયા બોર્ડર સ્થિતિ તંગ બનતાં ફસાયેલા છાત્રોના વાલીઓના જીવ ઉચાટમાં

### લાઠીચાર્જ અને હવામાં ફાયરીંગથી છાત્રો ભયભીત : નાઈજીરીયન, આફ્રીકન વિદ્યાર્થીઓએ ભારતના છાત્રોનો વિરોધ કરતાં ઘર્ષણની સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧

યુક્રેન-રશિયાના યુદ્ધમાં ફલાયેલા વિદ્યાર્થીઓની સ્વદેશ વાપસી થઈ રહી છે પરંતુ હજુ પણ હજારોની સંખ્યામાં ભારતીય છાત્રો પોલેન્ડ અને રોમાનિયાની બોર્ડર ઉપર ફસાયા છે. પોલેન્ડની સાથે હવે રોમાનિયા બોર્ડર ઉપર અંધાધૂંધીનો માહોલ ઉભો થયો છે. ૫૦૦૦થી પણ વધુ ભારતીયોના જમાવડાથી ધક્કામૂકીની સ્થિતિ સર્જાયા પછી પોલીસ દ્વારા છાત્રો ઉપર લાઠીચાર્જ તેમજ હવામાં ફાયરીંગની ઘટનાથી સાબરકાંઠા, અરવલ્લી સહિત ઉત્તર ગુજરાતના ફલાયેલા છાત્રોના વાલીઓના જીવ ઉચાટમાં આવી ગયા છે. પોલેન્ડ અને રોમાનિયાની બોર્ડરે ભારતીય છાત્રોના પ્રવેશવા ઉપર નાઈજીરીયન અને આફ્રિકન વિદ્યાર્થીઓએ વિરોધ કરતાં સ્થિતિ તંગ બન્યાના અહેવાલ છે. યુક્રેન પર રશિયાના હુમલાથી યુકેનમાં સ્થિતિ દિવસે દિવસે ભયાનક બની રહી છે. ભારતીય નાગરિકોને પરત લાવવાનું અભિયાન સરકાર દ્વારા તેજ બનાવાયું છે છતાં છેલ્લા ૪ દિવસથી યુક્રેનની બોર્ડર ઉપર ફલાયેલા સાબરકાંઠા, અરવલ્લી ઉપરાંત ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લાઓના છાત્રોને પોલેન્ડ તેમજ રોમાનિયાની સરહદમાં પ્રવેશ મળ્યો ન હોવાથી પરિવારજનો ઘેરી ચિંતામાં સરી પડા છે. સરકાર દ્વારા સબસલામતના દાવા કરવામાં આવી રહ્યા છે પરંતુ માઈનસ ૧૧ ડિગ્રી ઠંડીમાં ઉપર આભ ને નીચે ધરતીની સ્થિતિમાં વિદ્યાર્થીઓની ધીરજ પણ હવે ખૂટવા લાગી છે જેમાં થોડાક સમય માટે બોર્ડરના દ્વાર ખોલવામાં આવે તો હજારોની ભીડ રીતસરની દોટ લગાવતી હોવાથી વિદેશની ધરતી ઉપર ભાગમભાગના દ્રશ્યો સર્જાતા હોય છે જેથી હવે પોલીસ દ્વારા વધુ કડકાઈ દાખવવામાં આવી છે. પોલેન્ડ તેમજ રોમાનિયા સરહદે સ્થાનિક પોલીસની યુદ્ધના સમયે પણ બદ્ધતા સામે આવી હોય તેમ લાઠીચાર્જ તેમજ છાત્રોને ડરાવવા માટે હવામાં ફાયરીંગ કરવામાં આવતાં સ્થિતિ વધુ સ્ફોટક બનવા જઈ રહી છે. ફલાયેલા છાત્રોના મોબાઈલ ચાર્જ કરવાની કોઈ વ્યવસ્થા ન હોવાના કારણે હવે એક પછી એક છાત્રો પોતાના પરિવારથી સંપર્ક ગુમાવી રહ્યા હોવાના કારણે વાલીઓની ભૂખ અને ઉંઘ હરામ થઈ છે. જ્યારે સતત ટેલિવિઝન માધ્યમાં યુદ્ધના ખોફનાક દ્રશ્યો જોઈ ફલાયેલા છાત્રોના પરિવારજનો અત્યાર સુધી રાખેલી હિંમત પણ ગુમાવી રહ્યા છે. જેમ બને તેમ સરકાર પોલેન્ડ અને રોમાનિયાની બોડર ફલાયેલા ગુજરાતી છાત્રોને સ્વદેશ પરત લાવે તેવી આજીજી કરી રહ્યા છે. પગપાળા પોલેન્ડ અને રોમાનિયાની સરહદે પહોંચ્યા પછી દૂર દૂર સુધી યુદ્ધથી બચવા માટે ભાગેલા લોકોની કતારો સાથે વાહનોની પણ લાંબી લાઈનો લાગતાં સરહદે જ્યાં જગ્યા મળી ત્યાં છાત્રો દિવસ-રાત વિતાવી ક્યારે સરહદમાં પ્રવેશવા મળે છે તેની આતૂરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તો બીજી તરફ પોલેજની વિકટ સ્થિતિ સાથે રોમાનિયા સરહદ ઉપર પણ હજારોની સંખ્યામાં ભારતીય નાગરિકો એકત્ર થઈ જતાં અકરાતકરી જેવા માહોલ પછી લાઠી ચાર્જ તેમજ ફાયરીંગની ઘટનાએ ચિંતા વધારી છે. જ્યારે યુદ્ધની વિકટ પરિસ્થિતિમાં પણ માનવતા નેવે મૂકાઈ હોય તેમ નાઈજીરીયન અને આફ્રીકન વિદ્યાર્થીઓના વિરોધને પગલે ભારતીય છાત્રો સાથે અંદરો અંદર ઘર્ષણ થયાના પણ અહેવાલ બહાર આવી રહ્યા છે.




#### નાનાચેખલાના છાત્રનો સંપર્ક તૂટ્યો

રશિયા યુક્રેનના ભયાનક યુદ્ધની પરિસ્થિતિમાં માઈનસ ૧૧ ડિગ્રી ઠંડીમાં છાત્રોની હાલત કફોડી બની છે. સરહદ ઉપર ધક્કામૂક્કી અને અંધાધૂંધીનો માહોલ ઉભો થયા પછી અનેક છાત્રોએ ફોનની બેટરી ડિસ્ચાર્જ થતાં સંપર્ક ગુમાવ્યો જેમાં તલોદ તાલુકાના નાનાચેખલાના બોર્ડર ઉપર ફલાયેલા ભાવિન પટેલનો પણ ફોન બંધ થઈ જતાં દિવસથી પરિવાર સાથે સંપર્ક તૂટ્યો છે.

#### બોર્ડર નજીક જ્યાં જગ્યા મળી ત્યાં છાત્રોના ધામા

પોલેન્ડ-રોમાનિયા સરહદે સ્વદેશ પરત આવવા માટે ભારતીય નાગરિકોની સાથે ખાસ કરીને મેડીકલ અભ્યાસ માટે સ્થાયી થયેલા હજારોની સંખ્યામાં છાત્રોએ બંને દેશની બોર્ડર ઉપર ધામા નાખ્યા છે. વાહનોની લાંબી કલારી વચ્ચે જ્યાં પણ જગ્યા મળી ત્યાં છાત્રો બોર્ડર ખૂલવાની રાહ જોઈને બેઠા છે.

## હિંમતનગરની રાજશ્રી સોસાયટીમાં ૨ મકાનોનાં તાળાં તૂટ્યાં

**૫.૮૮ લાખના દાગીના સહિત રોકડ રકમની ચોરી સોસાયટી વિસ્તારોમાં પેટ્રોલીંગ કરતી પોલીસને તસ્કરોનો પડકાર**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧

હિંમતનગરના સોસાયટી વિસ્તારોમાં પોલીસનું રાત્રિ પેટ્રોલીંગ છતાં તસ્કરો પડકાર ૫ બન્યા છે. ગત રોજ ગાયત્રી મંદિર વિસ્તારના રાજશ્રી બંગ્લોઝમાં ત્રાટકેલા તસ્કરોએ ૨ મકાનનાં તાળાં તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ ર્મ સહિત કુલ કમ ૫,૮૮,૩૦૦ની મત્તા ચોરી હોવાથી એ-ડીવીઝન પોલીસ દોડતી થઈ છે.

છેલ્લા કેટલાક સમયથી સક્રીય થયેલી તસ્કર ટોળકી હિંમતનગરના વિવિધ વિસ્તારોમાં તરખાટ મચાવી રહી છે. પોલીસ ઘરફોડ ચોરીના બનાવો ઉકેલવા માટે એફ એસ.એલ. અને ડીંગ સ્કવોડની મદદ લે છે છતાં તસ્કરો પકડાયો નથી, તા.ની રાત્રે ગાયત્રી મંદિર વિસ્તારમાં આવેલ રાજશી બંગ્લોઝમાં જયમીન હરેશકુમાર પટેલના મકાનને નિશાન બનાવી તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ્યા પછી બેડરુમની તિજોરી તોડી અંદરથી ૨,૩૧,૩૦૦ની કિંમતના સોના-ચાંદીના દાગીના તેમજ નજીકમાં રહેતા જગદીશભાઈ હરીભાઈ નાયકના બંધ મકાનનાં તાળાં તોડી અંદરથી છે ૫૯,૪૦૦ની કિંમતના સોના-ચાંદીના દાગીના સાથે રુ ૧૫ હજારની રોકડ મળી કુલ ૨૩,૫૭,૦૦૦ની મત્તા ઉસેડી તસ્કર ફરાર થઈ ગયા હતા. બંને મકાનોમાંથી તસ્કર ટોળકી સોના-ચાંદીના દાગી તેમજ રોકડ મળી ૫,૮૮,૩૦૦ની મત્તા ઉસેડી જતાં પોલીસ ઉંધા માથે થઈ છે.

# જિલ્લામાં ઘી ના ભાવ વધારા પછી અમૂલ દૂધમાં ભાવ વધ્યા

### ૫૦૦ એમ.એલ.ના પાઉચમાં રુ ૧નો વધારો અમલી : અમૂલ ગોલ, શક્તિ, તાજા દૂધના ભાવ દઝાડશે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧

રશિયા યુક્રેન યુદ્ધની વિકટ પરિસ્થિતિથી મોંઘવારી વધવાની સંદેહના વચ્ચે અમૂલ ડેરી દ્વારા દૂધના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અમૂલ ઘી ના ભાવમાં અસહ્ય વધારો થયા પછી હવે દૂધના ભાવમાં ૫૦૦ એમ.એલ.ના પાઉચ દીઠ રુ ૧ નો વધારો અમલી બન્યો છે. ડેરી સત્તાવાળાઓ દ્વારા વિતરકોને તાત્કાલિક અસરથી નવો ભાવ વસુલવા માટે સૂચના આપવામાં આવી છે. અમૂલ દૂધના ઉત્પાદન પૈકી ગોલ, શક્તિ, તાજા અને બફેલો દૂધના ભાવ હવે પ્રજાને અસર કરી શકે છે.

છેલ્લા ૧ મહિનામાં અમૂલ ડેરી દ્વારા ઘી ના ભાવમાં સતત વધારો કરવામાં આવતાં પ્રજાએ શુદ્ધ અમૂલ ઘી ના બદલે વનસ્પતિ ઘી નો ઉપયોગ કરવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. સતત ભાવ વધારાથી ૧૫ કીલો અમૂલ થી ના ડબાની ભાવ ૨ ૭૦૦૦ સુધી પહોંચ્યો છે. જ્યાં હવે દૂધના પાઉચમાં પણ ઓચિંતો વધારો થયો છે. અમૂલ ડેરી દ્વારા ગત રોજથી ૨ ૧ નો વધારો અમલી બનાવી તેની જાણકારી અમૂલના દૂધ વિતરકોને મેસેજ દ્વારા આપવામાં આવી છે. જિલ્લામાં દૂધના ભાવ વધારા સાથે જ તમામ વિસ્તારોમાં તેનો અમલ શરુ થઈ ગયો છે. સરેરાશ દૂધના પાઉચમાં ૧૦ વધી ગયો છે જેના કારણે છૂટક દૂધનો ઉપયોગ વધી શકે છે. પેકીંગ દૂધના પાઉચમાં ડેરી સત્તાવાળાઓ ઈચ્છે ત્યારે ભાવ વધારો કરી દેતા હોવાથી પ્રજામાં ચણભણાટ શરૂ થયો છે. તાજેતરમાં લગ્નસરાની સીઝન દરમ્યાન અમૂલ સત્તાવાળાઓએ ઘીના ડબાના ભાવમાં વધારો શરુ કર્યો હતો અને હજુ પણ ભાવ વધવાની શક્યતા છે જેથી અમૂલ ઘી ની સાથે હવે દૂધ પણ મોંઘુ થતાં પ્રજા સમસમી છે.

**જિલ્લામાં દૂધનો ભાવ વધારો અમલી...**

અમૂલ ગોલ્ડ ૨ ૩૦ (૫૦૦ એમ.એલ)
અમૂલ બફેલો દૂધ ૩૧
અમૂલ શક્તિ રુ ૨૭.
અમૂલ તાજા રૂા. ૨૪

## હિંમતનગરમાં કેનેડા જવા ૬ લાખ ઉછીના લઈ પરત ન આપતાં ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં ભાટી પરિવારના સભ્ય પાસેથી ઓળખાવામાં કેનેડા અભ્યાસ કરવા માટે જવાનું ક્વી પ્રજાપતિ પરિવારના યુવકે ૨ ૬ લાખ લીધા પછી હાથ ઉંચા કરી નાખતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. બનાવ અંગે એ-ડીવીઝન પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવિષ્કાર કોમ્પલેક્ષમાં રહેતા જયેશ વસંતભાઈ ભાટીના પિતાજી સાથે પોતાના પિતાની જૂની ઓળખાણ હોવાનું કહી ભોલેશ્વર વિસ્તારના કુશાલ પ્રજાપતિએ કેનેડા અભ્યાસ જવાનું કહી રુપિયા મેળવ્યા હતા. વાયદા મુજબ રુપિયા પરત ન આપવામાં આવતાં ઉઘરાણી કરવામાં આવી જેમાં યુવકે મૌખિક તેમજ મોબાઈલ ફોનમાં પૈસા ન આપવાનું કહેવાની સાથે થાય તે કરી લેજો તેવી ધમકી આપતાં પોલીસ ફરિયાદ આપવામાં આવી છે. બનાવ અંગે જયેશ ભાટીની ફરિયાદના આધારે હિંમતનગર - ડીવીઝન પોલીસે આરોપી કુણાલ જીતુભાઈ પ્રજાપતિ(રહે.ભોલેશ્વર) વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

## જન્મદિને વધામણી



કિરણકુમાર નરસંઘાણી
તલોદ જીલ્લો સાબરકાંઠા

# સુનોખના પોલીસ કર્મીનું માર્ગ અકસ્માતમાં મોત

### તાપી જિલ્લાના પલાસર પાસે કાર ડીવાઈડર સાથે ટકરાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧

- ભિલોડા તાલુકાના સુનોખ ગામના વતની અને તાપી જિલ્લામાં પોલીસ કર્મીની ફરજ બજાવતા ઉદાવત પરિવારના યુવકનું માર્ગ અસ્માતમાં મોત નિપજતાં શોક છવાયો છે. પોલીસ કર્મી અને સાથી મિત્ર કારમાં પલાસર નજીક્થી પસાર થતા હતા તે સમયે કાર ડીવાઈડર સાથે ટકરાતાં પોલીસ કર્મચારીનું ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. આ દુખદ ઘટનાને પગલે ૪ મહિનાના પુત્ર અને અઢી વર્ષની દિકરીએ પિતાની છત્રછાયા ગુમાવી છે.



માર્ગો લોહી તરસ્યા બનતાં અનેક નવલોહીયા યુવાનો મોતના મુખમાં ધક્લાઈ રહ્યા છે. અગાઉ અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા સુનોખ ગામના પોલીસ કર્મી સિદ્ધરાજસિંહ લ્યાણસિંહ ઉદાવતની તાપી જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી બદલી કરવામાં આવી હતી. ગત રોજ તેઓ તેમના મિત્ર સાથે એક હોટલ ઉપર ભોજન માટે કાર લઈ પહોંચ્યા હતા જ્યાં પરત ફરતા સમયે તાપી જિલ્લાના પલાસર પોલીસની હદમાં બેકાબુ કાર ડીવાઈડર સાથે કરાઈ પડી હતી જેમાં પોલીસ કર્મી સિદ્ધરાજસિંહ ઉદાવતનું ગંભીર ઈજાથી મોત નિપજ્યું હતું. જ્યારે સાથી મિત્રને ગંભીર ઈજાઓ થતાં સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા હતા. માર્ગ અકસ્માતમાં પોલીસ કર્મીનું મોત નિપજ્યાના અહેવાલ રાજપૂત સમાજમાં ફરી વળતાં અનેક લોકો શોક સંતપ્ત ઉદાવત પરિવારને સાંત્વના આપવા માટે સુનોખ દોડી ગયા હતા. જ્યારે અસ્માતની ઘટનામાં અગાઉ જિલ્લામાં ફરજ બજાવતા કર્મચારીનું મોત નિપજતાં ફરજમાં સાથે રહેનારા કર્મીઓએ પણ હાદસાથી આંચકો અનુભવ્યો છે.

### બાયડના પૂર્વધારાસભ્યએ શિવ મંદિરોને પ્રચારનું માધ્યમ બનાવ્યું

# પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ શિવભક્તોને શિવ ચાલીસા-હનુમાન ચાલીસાનું વિતરણ કર્યું

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧

વિધાનસભાની ચુંટણીને આડે માંડ આઠ મહિના બાકી છે ત્યારે બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા તક મળે એટલે ચુંટણી પ્રચારની આડકતરી એકપણ તક છોડતા નથી જેના કારણે તમના વિરોધીઓના પેટમાં દર તહેવારે તેલ રેડાઈ રહ્યું છે. શિવરાત્રિ પર્વ નિમિત્તે ધવલસિંહ ઝાલા એ લોકો સુધી પહોંચવા શિવ ચાલીસા અને હનુમાન ચાલીસા દરેક શિવાલયો ઉપર આપી હરીફોને આગોતરા ચુંટણી પ્રચારમાં ઘણા પાછળ છોડ્યા છે. ભાજપનું એક જુથ આગામી ચુંટણીમાં ધવલસિંહ ઝાલા ભાજપના ઉમેદવાર હોવાની માન્યતાને ખરી ઠેરવી રહ્યા છે. જિલ્લાની ત્રણ વિધાનસભા બેઠકો અત્યારે કોંગ્રેસ પાસે છે અને ભાજપએ આ તમામ ત્રણેય બેઠકો જીતવા માટે અત્યારથી જ રણનીતિ તૈયાર કરવા માંડી છે. ભાજપમાં ક્યારે કોને ટીકીટ મળે, કોને પદ મળે તે કહેવું મુશ્કેલ હોવા છતાં કોંગ્રેસ છોડી ભાજપમાં આવી પેટાચુંટણી લડનાર પૂર્વધારાસભ્ય ધવલસિંહ ઝાલા વર્ષ-૨૦૧૯નો ચુંટણીજંગ હાર્યા પછી પણ લોક સંપર્ક જાળવી રાખ્યો છે તેની નોંધ લેવી જોઈએ. ઉત્તરાયણ, શિવરાત્રી, દિવાળી, નૂતનવર્ષ સમયે બાયડ અને માલપુરના અનેક વિસ્તારોમાં શુભેચ્છા બોર્ડ અવશ્ય લાગ્યા છે. જ્યારે ધવલસિંહ ઝાલાએ ભાજપમાંથી ટીકીટ ન મળે તો તેનો બી-પ્લાન પણ તૈયાર કર્યાની ગરમા-ગરમ ચર્ચા છે. આ સંજોગોમાં ભાજપને ફરીથી ધવલસિંહ ઝાલાને મેદાનમાં ઉતારવા પડે તેવું એક પ્રકારનું દબાણ ઉભું થયું છે. પ્રજામાં છવાઈ જવું અને લોકો નોંધ લે તેવું પ્રચાર યુદ્ધ શીખવું હોય તો ધવલસિંહ ઝાલા તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. શિવરાત્રિ અગાઉ બાયડમાં ઠેર-ઠેર વિશાળ હોર્ડિંગ લગાવ્યા અને મંગળવારે શિવરાત્રિ નિમિત્તે બાયડ પંથકના શિવમંદિરોમાં શિવ ચાલીસા અને હનુમાન ચાલીસાની પોકેટ બુક આપી ઘર-ઘર સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો છે.

## ગાંભોઈમાં વાહનની ટક્કરે બાળકનું મોત

**લારી ઉપર ફૂટ વેચતા પરિવારમાં શોકનો માહોલ**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૧

હિંમતનગર તાલુકાના ગાંભોઈ ત્રણ રસ્તા ઉપર પૂરપાટ ઝડપે પસાર થતા વાહને ૮ વર્ષના બાળકને ટક્કર મારી મોતને ઘાટ ઉતારતાં લારી ઉપર ફૂટ વેચી ઘરનું ગુજરાન ચલાવનાર દેવીપૂજક પરિવારમાં શોકનો માહોલ છે. બનાવ અંગે ગાંભોઈ પોલીસે વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરુ કરી છે. અકસ્માત ઝોન બનેલા સ્થળ ઉપર અસ્માતમાં બાળકનું મોત નિપજતાં બનાવ સ્થળે લોકટોળાં એકત્ર થઈ ગયાં હતાં.

## આકરુન્દ ગામનું ગૌરવ




બાયડ, તા. ૧

આકરુંદ ના વતની સ્વ.રસીકલાલ સોમાલાલ શાહ (રખિયાલ) ની દોહિત્રી શ્રીમતી હિરલબેન ધ્રુવ શાહ હાલ હિમંતનગર અમદાવાદ ખાતે યોજાયેલ ગ્લેમરસ લુક પ્રતિયોગિતામાં વીપીઆર મીસીસ ઈન્ડિયા ગ્લેમરસ લુક માં વિજેતા જાહેર કરી મિસીસ ઈન્ડિયા નો તાજ પહેરાવવામાં આવ્યો હતો.